| GJSR010098552020 | | |
|---|---|---|
| | **દાખલ તારીખ** | ૧૬/૧૨/૨૦૨૦ |
| | **રજીસ્ટર તારીખ** | ૧૬/૧૨/૨૦૨૦ |
| | **ફેંસલ તારીખ** | ૧૧/૦૮/૨૦૨૬ |
| | **સમયગાળો** | **વર્ષ – માસ – દિવસ** |
| | | |
| | **આંક :–** | |

---

**સ્પેશ્યલ કોર્ટ જજ (એન.ડી.પી.એસ.) અને**
**૧૩ માં એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. સુરત.**

---

**સ્પે. એન.ડી.પી.એસ. કેસ નં. ૪૭/૨૦૨૦**

---

**આંક-૦૧ ની અરજી હેઠળ હુકમ**

---

સદર કામનાં આરોપી - અબ્દુલ રઝાક ઉર્ફે લાલાચદર હમીદખાન પઠાણ નાંઓ હાજર રહેતા ન હોય, તેઓ વિરૂધ્ધ પકડ વોરંટ કાઢવામાં આવેલ, જે પકડ વોરંટ આંક-૫ થી રેકર્ડ પર રજુ છે અને સદર આરોપી મરણ ગયેલ હોવાનાં શેરા અને મરણ દાખલાની ઝેરોક્ષ સાથે પરત ફરેલ છે. જેથી સદર કેસ એબેટ થવાને પાત્ર હોય, ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુ ક મ</u> ::-**

- આરોપી - અબ્દુલ રઝાક ઉર્ફે લાલાચદર હમીદખાન પઠાણ વિરૂધ્ધનો સદર સ્પે. એન.ડી.પી.એસ. કેસ નં.૪૭/૨૦૨૦ **એબેટ** કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર કેસ ફેંસલ કરવામાં આવે છે.
- સદર આરોપીનાં જામીન તથા જાતમૂચરકા રદ કરવામાં આવે છે.

- સદર ગુનાની મૂળ ચાર્જશીટ સ્પે. એન.ડી.પી.એસ. કેસ નં.૩૦/૨૦૨૦ પેન્ડીંગ હોય મુદ્દામાલ સંબંધે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૧૧/૦૮/૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.** ૧૧/૦૮/૨૦૨૬.
**મુ.** સુરત.

**(દેવેન્દ્ર એસ. જોષી)**
**૧૩ માં એડી. સેશન્સ જજ, સુરત.**
**UIC No. GJ 00817**